# સુરત શહેરી વિકાસ સત્તા મંડળ

# અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, સુરત શહેરી વિકાસ સત્તામંડળે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ ૪૨(૧) પ્રમાણે નગર રચના યોજના નં. ૧૪ (પાલ) 'સુડા' સુરતની મુસદારૂપ નગર રચના યોજનાની દરખાસ્તો તૈયાર કરેલ છે, જેને આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ મુસદારૂપ નગર રચના યોજનામાં નીચે મુજબના વિસ્તારોનો સમાવેશ થાય છે.

**નગર રચના યોજના નં. ૧૪ (પાલ): સુડા : સુરત**

ચર્તુઃસિમા/હદ નિશાન

ઉત્તર : મુસદારૂપ નગર રચના યોજના નં. ૧૦ (પાલ):સુડા: સુરત તથા (સુચિત) મુસદારૂપ નગર રચના યોજના નં. ૧૫ (પાલ): સુડા: સુરતની હદ.

પૂર્વ : સુરત મહાનગરપાલિકાની મુસદારૂપ નગર રચના યોજના નં. ૩૧ (અડાજણ) અને નં. ૩૨ (અડાજણ)ની હદ.

પશ્ચિમે : પાલ ગામમાં જતાં હયાત રસ્તાની મધ્યરેખા તથા પાલ.

દક્ષિણે : સુરત-હજીરા રોડની મધ્યરેખા.

આ યોજનાનાં મુસદાની નકલ જાહેર જનતાને જોવા સારૂ સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરી 'સુડા ભવન', કલેકટર કચેરીની બાજુમાં, નાનપુરા, સુરતના સરનામે કચેરીના કામકાજના સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં આ અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતા કોઇપણ શખ્સ આ યોજના સંબંધમાં કોઇપણ વાંધા લેખિત રીતે સુરત શહેરી વિકાસ સત્તામંડળને બે નકલમાં ઉપરના સરનામે સુપ્રત કરશે તો સુરત શહેરી વિકાસ સત્તામંડળ ઉક્ત કાયદાની કલમ-૪૮ હેઠળ રાજ્ય સરકારને યોજનાનો મુસદો સાદર કરતાં પહેલાં આવેલા વાંધા વિચારણામાં લેશે.

(જે..બી. વોરા)
મુખ્ય કારોબારી અધિકારી
સુરત શહેરી વિકસ સત્તામંડળ

નંબરઃ માહિતી-સુરત-૭૨૯/૨૦૦૦ સુરત.

ગુજરાત મિત્ર
તા. ૨૬/૧૨/૦૦ પાના-નં-૨

ન.ર.યોજના નં. ૧૪ (પાલ) પ્રસિદ્ધ

રાજયપત્રમાં પ્રસિદ્ધ: તા. ૨૮/૧૨/૦૦
એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ પાર્ટ II ના
પાના નંબર -